S. J. & E. DEPTT.
29 JAN 2018
No.....................

કો. સેલ

અનુસૂચિત જાતિના તબીબી સ્નાતકો/ડીપ્લોમા ધારકોને (અનુસૂચિત જાતિના તબીબી સ્નાતક કક્ષાના મેડીકલ,હોમીયોપેથીક,ફીઝીયોથેરાપીસ્ટ,ડેન્ટલ,આયુર્વેદ અને અન્ય તમામ સમકક્ષ ડોક્ટરો/ડીપ્લોમાં ધારકો)ને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાય.

---

તબીબી સ્નાતક લોન સહાય યોજનાની આવકમર્યાદાના સહાયના ધોરણોમાં જરૂરી સૂચનાઓ બહાર પાડવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંકઃ એસ.સી.ડબલ્યુ-૧૦૨૦૧૫-૬૦૦૮૩૦-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૨૫/૦૧/૨૦૧૮

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) શિક્ષણ અને મજૂર વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૧૭૫/૭૨૯૪૪/૭૬/જ તા.૧૫/૦૭/૧૯૭૬

(૨) શિક્ષણ અને મજૂર વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૧૭૬/૮૨૬૫૪/૭૬/જ તા.૦૧/૦૯/૧૯૭૬

(3) મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૧૭૫/૨૪૩૩૬(૭૭)/જ તા.૧૮/૦૭/૧૯૭૭

(૪) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૧૮૦/૧૦૨/જ તા.૨૮/૦૭/૧૯૮૦

(૫) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૦૮૦/૪૭૧૪/જ તા.૨૯/03/૧૯૮૯

(૬) સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૦૯૭/ન.બા 30/ગ તા.3૧/03/૧૯૯૮

(૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૦૨૦૦૭/ન.બા-૪૫/ગ,(૨), તા.૨૩/03/૨૦૦૭

(૮) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૦૯૭/ન.બા-૩૦/ગ,(૨), તા.૨૩/૦૫/૨૦૦૭

(૯) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૦૨૦૦૭/ન.બા-૪૫/૧૭-ગ,(૨), તા.૦૨/૦૬/૨૦૦૮

(૧૦) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૦૯૭/ન.બા-૩૦/ગ,(૨), તા.૩૦/૦૯/૨૦૦૮

(૧૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: એસ.સી.ડબલ્યુ/૧૦૨૦૧૫/૬૦૦૮૩૦/ગ, તા.૨૪/૧૦/૨૦૧૬

(૧૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક: સશપ/૧૦૨૦૧૪/૪૩૮/અ-૧, તા.૨૪/૧૦/૨૦૧૭

(૧૩) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગર ના પત્ર ક્રમાંક: અજાક/મ/૨/૨૦૧૮/૩૫૧ તા.૧૧/૦૧/૨૦૧૮

સુધારા ઠરાવ:-

અનુસૂચિત જાતિના તબીબી સ્નાતકો પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરી તે માટે આમુખ ક્રમાંક(૧) માં જણાવેલ તા.૦૧/૦૬/૧૯૭૬ ના ઠરાવથી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના મેડીકલ ડીગ્રી એમ.બી.બી.એસ વિદ્યાર્થીઓને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા લોન- સહાય આપવા બાબતે રૂ.૫૦૦૦/- સહાય અને રૂ.૫૦૦૦/- વ્યાજ મુક્ત લોન આપવાની નાણાકીય સહાયની યોજના અમલમાં મુકવામાં આવી હતી. આમુખ ક્રમાંક(૨) માં જણાવેલ તા.૦૧/૦૯/૧૯૭૬ ના ઠરાવથી અનુસૂચિત જાતિના બી.એસ.એ.એમ(આયુર્વેદ અથવા બી.ડી.એસ(ડેન્ટલ) ની ડીગ્રી ધરાવતા ડોક્ટરોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા લોન સહાય આપવા માટે રૂ.૫૦૦૦/-સહાય અને રૂ,૫૦૦૦/- વ્યાજ મુક્ત લોનની નાણાકીય સહાય આપવાનુ ઠરાવેલ હતુ.જેનાં અનુસંધાને વંચાણે લીધેલ ક્રમ-૧ થી ૧૦ પરના ઠરાવોથી હાલ આ યોજનાઓ અમલમાં છે. ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-૧૧ પરના તા.૨૪/૧૦/૨૦૧૬ ના ઠરાવથી અનુસૂચિત જાતિના તબીબી સ્નાતકો/ડીપ્લોમા ધારકો(અનુસૂચિત જાતિના તબીબી સ્નાતક કક્ષાના મેડીકલ, હોમીયોપેથિક, ફીઝીઓથેરાપીસ્ટ, ડેન્ટલ, આયુર્વેદ અને અન્ય તમામ સમકક્ષ ડોક્ટરો/ ડીપ્લોમા ધારકો) ને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે લોન/સહાયની યોજનાની વાર્ષિક આવક મર્યાદાનુ ધોરણ રૂ.૫૦,૦૦૦/- છે.

ઉક્ત વિગતો જોતાં વંચાણે લીધેલ ક્રમ-૧૨ ના તા.૨૪/૧૦/૨૦૧૭ ના ઠરાવથી રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓમાં વાર્ષિક આવક મર્યાદામાં કરવામાં આવેલ વધારો અનુ.જાતિના

તબીબી સ્નાતકો/ ડીપ્લોમા ધારકો(અનુ.જાતિના તબીબી સ્નાતક કક્ષાના મેડીકલ, હોમીયોપેથિક, ફીઝીઓથેરાપીસ્ટ, ડેન્ટલ, આયુર્વેદ અને અન્ય તમામ સમકક્ષ ડોક્ટરો/ ડીપ્લોમા ધારકો) ને સ્વતંત્ર વ્યવસાયશરૂ કરવા માટે લોન/સહાયની યોજનામાં આપમેળે જ લાગુ પડે છે. એટલે કે આ યોજના હેઠળ ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૫૦,૦૦૦/- ની વાર્ષિક આવકમર્યાદા લાગુ પાડવામાં આવેલ છે. આ બાબતને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ-(૧૩) પરના તા.૧૧/૦૧/૨૦૧૮ ના પત્રથી પ્રસ્તુત બાબતને સમર્થન આપવા અંગેની દરખાસ્ત કરેલ છે. જે બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે વંચાણે લીધેલ ક્રમ-૧૨ પરના તા.૨૪/૧૦/૨૦૧૭ ના ઠરાવની શરતોના મુદ્દ ક્રમાંક-(૩) માં જે યોજનામાં જરૂરી જણાય ત્યારે આ અંગેની ચાલુ નાણાકીય વર્ષમાં સુધારેલ અંદાજપત્રમાં જરૂરી જોગવાઇ કરવાની રહેશે તે ધ્યાને લઈ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની તા.૧૧/૧/૨૦૧૮ ની દરખાસ્તને સમર્થન આપવામાં આવે છે.

તા.૨૪/૧૦/૨૦૧૭ ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ સુધારા ઠરાવ સરખા ક્રમાંક પરની ફાઇલ પર તા.૧૮/૦૧/૨૦૧૮ થી અગ્રસચિવશ્રી(સા.ન્યા)ની અનુમતિથી બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વિષ્ણુ પટેલ)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના</u>

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર.

- માન.રા.ક.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, અ-૧ શાખા(સા.ન્યા), સચિવાલય ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અનુસૂચિત જાતિ), (નિયામકશ્રી(અજાક) મારફત)
- સર્વે સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત), (નિયામકશ્રી(અજાક) મારફત)
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,(નિયામકશ્રી(અજાક) મારફત)
- બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કોમ્પ્યુતર સેલ, સા.ન્યા. અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર ને વેબ સાઇટ પર મુકવા વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ